**કઠલાલ હોસ્પિટલ મેડિકલ વેસ્ટના નિકાલ અંગેના તમામ નિયમો ઘોળીની પી ગઇ**

# કઠલાલ સરકારી હોસ્પિટલની બેદરકારી બાયોમેડિકલ વેસ્ટનો જાહેરમાં નિકાલ કર્યો

**રખડતાં** પશુઓ ચેપી કચરો રસ્તા પર ઢસેડી લાવ્યા





(પ્રતિનિધિ) નડિયાદ તા.9

કઠલાલ સરકારી હોસ્પિટલ દ્વારા મેડિકલ વેસ્ટના નિકાલમાં ગંભીર બેદરકારી દાખવવામાં આવી રહી હોવાની ઘટના સામે આવી છે. હોસ્પિટલ તંત્ર દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરી મેડિકલ વેસ્ટને ખુલ્લામાં નાખવામાં આવતા રખડતા જાનવરો આ કચરાને જાહેર રોડ સુધી ખેંચી લાવે છે. આ ગંભીર લાપરવાહીને કારણે સ્થાનિક રહીશો અને હોસ્પિટલે આવતા દર્દીઓમાં રોગચાળો ફેલાવાની ભીતિ સાથે ભારે રોષ જોવા મળી રહ્યો છે.


કઠલાલની સરકારી હોસ્પિટલમાં દરરોજ મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર અર્થે આવે છે, પરંતુ હોસ્પિટલ તંત્ર આરોગ્યની સુરક્ષા જાળવવામાં નિષ્ફળ નીવડ્યું હોય તેમ જણાય છે. નિયમ મુજબ મેડિકલ વેસ્ટનો સુરક્ષિત નિકાલ કરવાનો હોય છે, તેના બદલે હોસ્પિટલના પાછળના ભાગે અથવા ખૂણામાં તેના ઢગલા કરી દેવામાં આવ્યા છે. આ કચરામાં લોહીવાળા પાટા, વપરાયેલી સિરિંજ, પ્લાસ્ટિકની થેલીઓ અને અન્ય સર્જિકલ આઈટમ્સનો સમાવેશ થાય છે. જ્યાં આ કચરો નાખવામાં આવે છે ત્યાં કોઈ પ્રોપર ગેટ કે પ્રોટેક્શન ન હોવાથી કૂતરા અને અન્ય જાનવરો આ વેસ્ટને મોઢામાં ભરીને હોસ્પિટલના મુખ્ય રસ્તા અને આસપાસના વિસ્તારોમાં ફેલાવે છે. આ ગંદકીના કારણે વાતાવરણમાં દુર્ગંધ ફેલાઈ રહી છે અને ખાસ કરીને નાના બાળકો તથા રાહદારીઓ ચેપી રોગચાળાના સંપર્કમાં આવવાનું જોખમ વધી ગયું છે.

સરકારી હોસ્પિટલ પોતે જ જ્યારે ગંદકી અને રોગચાળાનું કેન્દ્ર બને ત્યારે તંત્રની કામગીરી સામે મોટા સવાલો ઉભા થાય છે. સ્થાનિક લોકોની માંગ છે કે ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ મામલે તાત્કાલિક તપાસ કરવામાં આવે અને મેડિકલ વેસ્ટના નિકાલ માટે કાયમી અને સુરક્ષિત વ્યવસ્થા ઉભી કરવામાં આવે જેથી લોકોનું આરોગ્ય જોખમાય નહીં.

## નડિયાદમાં NSUI દ્વારા 'ડ્રગ્સ મુક્ત કેમ્પસ' અભિયાન







નડિયાદની C B પટેલ આર્ટસ, J N J સાયન્સ અને નર્સિંગ કોલેજોમાં NSUI દ્વારા ડ્રગ્સ વિરોધી જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. ગૌરાંગ મકવાણા અને ગોકુલ શાહની આગેવાનીમાં યોજાયેલા આ અભિયાનમાં પ્રિન્સિપાલશ્રીઓ અને શિક્ષકોના સહકાર સાથે વિદ્યાર્થીઓએ નશાની બદીથી દૂર રહેવા અને તંદુરસ્ત સમાજના નિર્માણ માટે સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી.

# આણંદ જિલ્લામાં ચાઈનીઝ દોરી સાથે 4 શખસ પકડાયાં

**પેટલાદ,** બોરસદ અને આંકલાવમાં પોલીસના દરોડામાં પ્રતિબંધિત દોરી પકડાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.9

આણંદ પંથકમાં ઉત્તરાયણના તહેવાર પહેલા પ્રતિબંધિત ચાઈનીઝ દોરી વેચવાની સાજીશો ઉભરાઈ છે. તંત્ર દ્વારા ચાઈનીઝ દોરીના વેચાણ પર પ્રતિબંધ અંગેના જાહેરનામાની અમલવારી હોવા છતાં, અસામાજિક તત્વો દ્વારા આ ગુનાહિત કૃત્યને અંજામ આપવામાં આવી રહ્યો હતો, જેને પગલે પોલીસે બાતમીના આધારે વિવિધ સ્થળોએ દરોડા પાડી કુલ 4 ગુનાખોરોને ઝડપી પાડ્યા છે.

આણંદ એસઓજીએ બાતમીના આધારે પેટલાદ જોગણ નહેર પાસે છાપો માર્યો હતો. કેસર ફાર્મના બોર્ડ પાછળ દોરી વેચતો રવિ ઉર્ફે ગોપી રસિકભાઈ પારેખ 23 ચાઈનીઝ ફિરકીઓ કિંમત રૂ.11,500 સાથે ઝડપાયો હતો. બોરસદ ટાઉન પોલીસે નિસરાયા ચોકડી વાસણા ફાટક પાસેથી રમણભાઈ મોહનભાઈ પરમારને 3 ચાઈનીઝ ફિરકી કિંમત રૂ. 600 સાથે ઝડપી પાડ્યો હતો. આણંદ એલસીબીએ આંકલાવ-અંબાલી રોડ પર નહેર પાસે ભેટાસી વાટામાં રહેતા રહીમભાઈ છત્રસિંહ પરમારને 12 ફિરકી કિંમત રૂ. 3600 સાથે પકડ્યો હતો. પ્રાથમિક તપાસમાં આ દોરી ભાદરણ ટાવર પાસે રહેતા આરીફ રાજેશભાઈ પરમારે આપી હોવાનું ખુલતા પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

**ગંદકી અને દૂષિત પાણી મામલે નગરપાલિકાને કડક સૂચના , 40થી વધુ ટીમો મેદાનમાં ઉતરી**

# બાલાસિનોર પાલિકાના અધિકારીનો કલેક્ટરે જાહેરમાં જ ઉધડો લીધો!

**ગંદકી અને** દૂષિત પાણીના પ્રશ્નોને ગંભીરતાથી લઈ સફાઈ અભિયાન તેજ કરવા સુચના આપી



(પ્રતિનિધિ) બાલાસિનોર તા.9

બાલાસિનોર તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી વકરેલા કમળાના ઉપદ્રવને જડમૂળથી ઉખેડી નાખવા માટે જિલ્લા વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. તંત્રના સતત પ્રયાસોને પરિણામે રોગચાળામાં ઘટાડો નોંધાયો છે, પરંતુ તેને સંપૂર્ણપણે નાબૂદ કરવાના હેતુથી મહીસાગર કલેક્ટર અર્પિત સાગર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોની વ્યક્તિગત મુલાકાત લેવામાં આવી હતી. કલેક્ટરે હિપેટાઈટીસ-એના વધુ કેસ ધરાવતા ટીંબા મહોલ્લા અને કાજીવાડ જેવા વિસ્તારોમાં સિટી સર્વે કાર્યાલયથી પગપાળા વિઝિટ કરી વાસ્તવિક સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું.

બાલાસિનોર કલેક્ટરે અસરગ્રસ્ત પરિવારો અને દર્દીઓ સાથે સીધો સંવાદ સાધી તેમને મળી રહેલી સારવાર અંગે પૃચ્છા કરી હતી. સ્થાનિકો દ્વારા રજૂ કરવામાં આવેલા ગંદકી અને દૂષિત પાણીના પ્રશ્નોને ગંભીરતાથી લઈ, કલેક્ટરે નગરપાલિકાના અધિકારીઓને સ્થળ પર જ સફાઈ અભિયાન તેજ કરવા અને શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવા કડક સૂચના આપી હતી. તેમણે ખાતરી આપી હતી કે જિલ્લા વહીવટી તંત્ર નાગરિકોની સ્વાસ્થ્ય સુરક્ષા માટે હરહંમેશ તત્પર છે. આ ઉપરાંત કલેક્ટરે બાલાસિનોર રેફરલ હોસ્પિટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્રના કમળા વોર્ડની પણ મુલાકાત લીધી હતી. તેમણે ઈન્ચાર્જ ડોક્ટરો સાથે ટેકનિકલ ચર્ચા કરી દર્દીઓની ઝડપી રિકવરી માટે જરૂરી પગલાં લેવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત, તેમણે ખાનગી હોસ્પિટલના તબીબોને પણ આ જાહેર આરોગ્યની લડતમાં વહીવટી તંત્રના સહભાગી બનવા અપીલ કરી હતી.

# મહુધાના અલીણા પાસે કારે ખેડૂતને અડફેટે લેતા ગંભીર

(પ્રતિનિધિ) નડિયાદ તા.9

મહુધા તાલુકાના અલીણા ગામની સીમમાં પુરઝડપે આવતી કારે બાઈક સવાર ખેડૂતને જોરદાર ટક્કર મારતા ગંભીર રીતે ઘવાયાં હતાં.

અલીણા ગામના ઝાલા તલાવડી નહેર પાસે રહેતા 54 વર્ષીય ખેડૂત દિલીપભાઈ મનુભાઈ 5મી જાન્યુઆરીના રોજ સવારના સમયે પોતાનું બાઈક લઈને બડાપુરા ગયા હતા. તેઓ પરત ફરતી વખતે સાંજના સુમારે અલીણા ચોકડી પાસે રોડ ક્રોસ કરતી વખતે મહુધા તરફથી પુરઝડપે આવેલી કાર (GJ 19 BJ 8547) ના ચાલકે તેમના બાઈકને હડફેટે ચડાવ્યું હતું.

આ અકસ્માતમાં દિલીપભાઈ રોડ પર પટકાતા તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. હોસ્પિટલમાં તબીબી તપાસમાં બહાર આવ્યું હતું કે તેમના ડાબા હાથના કાંડામાં, ડાબા ખભા પર, ડાબા પગે ઢીંચણ નીચે નળાના ભાગે અને નાક પર એમ કુલ પાંચ જગ્યાએ ફ્રેક્ચર થયા છે. અકસ્માત સર્જનાર કાર ચાલક સુરત જિલ્લાના બારડોલી તાલુકાના બાબેન ગામનો સંજયભાઈ જયંતીભાઈ પ્રજાપતિ હોવાનું જાણવા મળ્યું છે.

જોકે, ખર્ચના મુદ્દે સમાધાન અટક્યું હતું. અકસ્માત બાદ કાર ચાલક અને ઈજાગ્રસ્ત પક્ષ વચ્ચે સમાધાનના પ્રયાસો કરવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્ત ખેડૂતને થયેલી ગંભીર ઈજાઓ અને તેને કારણે હોસ્પિટલનો ખર્ચ વધુ હોવાથી આખરે સમાધાન થઈ શક્યું ન હતું. અંતે ઈજાગ્રસ્ત દિલીપભાઈએ મહુધા પોલીસ મથકે કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### સરદાર પટેલ યુનિવર્સિટી કાયદાના છાત્રોએ ગાંધીનગર ખાતે માનવ અધિકારની મુલાકાત લીધી



**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટીના કાયદાશાસ્ત્ર વિભાગના 30 વિદ્યાર્થીઓએ ગાંધીનગર ખાતે રાજ્ય માનવ અધિકાર આયોગ અને મહિલા આયોગનો એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ કર્યો હતો. વિદ્યાર્થીઓએ માનવ અધિકાર આયોગમાં કેસોની દલીલો રૂબરૂ સાંભળી 'સુવો મોટો' સત્તાઓ અને આયોગની કાર્યપદ્ધતિ વિશે પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો હતો. મહિલા આયોગમાં નિષ્ણાતો દ્વારા રાજ્યમાં કાર્યરત 270 નારી અદાલતોની કામગીરી અને મહિલાલક્ષી કાયદાકીય પ્રક્રિયાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કુલપતિ પ્રો. ડો. નિરંજન પટેલના માર્ગદર્શન હેઠળ વિભાગના અધ્યાપકો દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે આ પ્રવાસનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું,.

### આણંદમાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**આણંદ |** જિલ્લા પોલીસ વડા જી.જી. જસાણીના માર્ગદર્શન હેઠળ જિલ્લા ટ્રાફિક શાખા અને આરટીઓ દ્વારા વી.ઝેડ. પટેલ કોલેજ ખાતે ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓને હેલ્મેટ, સીટબેલ્ટ અને રાહવીર યોજના વિશે શોર્ટ ફિલ્મ તથા પેમ્પ્લેટ દ્વારા માહિતગાર કરી નિયમોનું પાલન કરવા જણાવાયું હતું. યુવા વર્ગને ટ્રાફિક કામગીરીમાં સહકાર આપવા ખાસ અપીલ કરવામાં આવી હતી. દીપ પ્રાગટ્ય સાથે શરૂ થયેલા આ કાર્યક્રમમાં ઇજાગ્રસ્તોને તાત્કાલિક સહાય પહોંચાડવા જેવી માનવીય સુરક્ષાની બાબતો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 97784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભુવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજમાં દિવ્યાંગ બાળકો સાથે સ્વ. ઉષાબા ઝાલાની જન્મજયંતીની પ્રેરણાદાયી ઉજવણી



**કપડવંજ |** ખેડા જિલ્લા ભારત રક્ષા મંચના પ્રમુખ એમ.ટી. ઝાલાના ધર્મપત્ની અને પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ સ્વ. ઉષાબા ઝાલાની જન્મજયંતી નિમિત્તે કપડવંજમાં દિવ્યાંગ બાળકો સાથે વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વી.એસ. ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટના દિવ્યાંગ બાળકોને પ્રીતિ ભોજન કરાવીને માનવતા મહેકાવતું ઉમદા કાર્ય કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડો. કુંડલીયા અને અન્ય મહાનુભાવોએ ઉપસ્થિત રહી ઝાલા પરિવારના આ સેવાકાર્યને બિરદાવ્યું હતું અને અભિનંદન પાઠવ્યા હતા. એમ.ટી. ઝાલાએ આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા બદલ અને ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડવા બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

### ઝારોલા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ સોયાબીન પ્રોસેસિંગ યુનિટની મુલાકાત લીધી

બોરસદ | બોરસદના ઝારોલા હાઈસ્કૂલના ધોરણ-9ના વિદ્યાર્થીઓએ મુડધરી ફૂડ પ્રોડક્ટ લિમિટેડની મુલાકાત લઈ સોયાબીનમાંથી દૂધ, દહીં અને પનીર બનાવવાની પ્રક્રિયા પ્રત્યક્ષ નિહાળી હતી. વિદ્યાર્થીઓ ભવિષ્યમાં નોકરીને બદલે સફળ બિઝનેસમેન બને તેવા દ્રઢ સંકલ્પ સાથે શાળાના કર્મઠ શિક્ષકો દ્વારા આ પ્રાયોગિક શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરાયું હતું. કંપનીના ડાયરેક્ટરે વિદ્યાર્થીઓને મશીનરી, ઉત્પાદન ખર્ચ અને ડિલિવરી વિશેના જિજ્ઞાસાપૂર્વકના પ્રશ્નોના ઊંડાણપૂર્વક જવાબ આપી સુંદર જ્ઞાન પૂરું પાડ્યું હતું. શાળાના એમડી નવીનભાઈ પટેલ અને શિક્ષકગણે વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ સમજ અને માર્ગદર્શન આપવા બદલ કંપનીના સંચાલકોનો આભાર વ્યક્ત કર્યો હતો.



### છીપડી કેડીસીસી બેંક ખાતે ધારાસભ્યના હસ્તે એટીએમ મશીનનું લોકાર્પણ કરાયું



નડિયાદ | નડિયાદ કેડીસીસી બેંકની છીપડી શાખા ખાતે ધારાસભ્ય રાજેશભાઈ ઝાલા દ્વારા ગ્રાહકોની સુવિધા માટે નવનિર્મિત એટીએમ મશીનનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બેંકના ચેરમેન તેજસકુમાર બી. પટેલના નેતૃત્વ હેઠળ ડિજિટલાઇઝેશનને વેગ આપી ગ્રાહકોને ઝડપી અને આધુનિક સેવાઓ પૂરી પાડવાનો આ મુખ્ય ઉદ્દેશ્ય છે. આ નવી સુવિધાથી ખાતેદારો 24 કલાક નાણાં જમા અને ઉપાડ કરી શકશે, જેનાથી બેંકને અન્ય બેંકોને ચૂકવવા પડતા ચાર્જિસમાં પણ રાહત મળશે. આ કાર્યક્રમમાં આગામી સમયમાં સમગ્ર ખેડા જિલ્લામાં વધુ એટીએમ મશીનો શરૂ કરવાનું આયોજન જાહેર કરાયું હતું.

### સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે 'સરદાર પટેલનું નેતૃત્વ અને સામાજિક ચિંતન' વિષય પર વ્યાખ્યાન યોજાયું

આણંદ | એસ.પી. યુનિવર્સિટીના અનુસ્નાતક ઇતિહાસ વિભાગ દ્વારા આયોજિત વિશેષ વ્યાખ્યાનમાં હિમાચલ પ્રદેશના પ્રો. રાકેશ શર્માએ મુખ્ય વક્તા તરીકે હાજરી આપી હતી. તેમણે સરદાર પટેલના બાલ્યાવસ્થાના નેતૃત્વ પ્રસંગોથી લઈને રાષ્ટ્ર સેવા સુધીની તેમની સામાજિક ચિંતનની યાત્રા વિશે વિદ્યાર્થીઓ અને શોધાર્થીઓને વિગતવાર માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ડો. ચેતરામજી ગર્ગની વિશેષ ઉપસ્થિતિ રહી હતી અને મોટી સંખ્યામાં ઇતિહાસ વિભાગના વિદ્યાર્થીઓ આ જ્ઞાનસત્રમાં સહભાગી થયા હતા. વિભાગાધ્યક્ષ પ્રો. વસંત પટેલ અને અન્ય અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શોધાર્થી ભાર્ગવ કાપડી દ્વારા કરવામાં આવ્યું હતું.



### બેંક ઓફ ઈન્ડિયા વડોદરા ઝોન દ્વારા વિશ્વ હિંદી દિવસ નિમિત્તે ગ્રાહક સેમિનાર યોજાયો

આણંદ | બેંક ઓફ ઈન્ડિયાની વડોદરા ઝોનલ ઓફિસ દ્વારા ઝોનલ મેનેજર હનવંત કુમાર ઠાકુરની અધ્યક્ષતામાં વિદ્યુતનગર શાખા ખાતે વિશ્વ હિંદી દિવસ નિમિત્તે વિશેષ ગ્રાહક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઝોનલ મેનેજરે ગ્રાહકોને હિંદી દિવસ અને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી બેંક દ્વારા ભવિષ્યમાં પણ ઉત્તમ ગ્રાહક સેવા પૂરી પાડવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ સેમિનાર દરમિયાન ચીફ મેનેજર નિશાંત કુમારે બેંકની વિવિધ પ્રોડક્ટ્સ અને યોજનાઓ વિશે ગ્રાહકોને વિસ્તૃત માહિતી આપી હતી. વડોદરાની વિવિધ શાખાઓના ગ્રાહકો માટે આયોજિત આ કાર્યક્રમમાં ગ્રાહકો સાથે સંવાદ સત્ર યોજાયું હતું, જેનું સફળ સંચાલન રાજભાષા મેનેજર કિશોર સોનારે કર્યું હતું.





### આણંદ જિલ્લા ટ્રાફિક પોલીસ અને એલએન્ડટી દ્વારા માર્ગ સલામતી જાગૃતિ કાર્યક્રમ યોજાયો

આણંદ | જિલ્લા પોલીસ અધિક્ષક જી.જી. જસાણીના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત આણંદ બોરસદ ચોકડી ખાતે વાહનચાલકોને ટ્રાફિકના નિયમો અને રોડ સેફ્ટી અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન હેલ્મેટ અને સીટબેલ્ટનો ઉપયોગ કરવા, ઓવરસ્પીડ ટાળવા અને ઉત્તરાયણના તહેવાર પર ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવા જેવી બાબતો વિશે વાહનચાલકોને ગંભીર અકસ્માતોથી બચવા સમજ અપાઈ હતી. ટ્રાફિક શાખા અને એલએન્ડટી કંપનીના સંયુક્ત ઉપક્રમે ટ્રાફિક જાગૃતિના પેમ્પ્લેટ અને ફોટોગ્રાફ્સ બતાવીને લોકોને ટ્રાફિકના નિયમોનું ચુસ્ત પાલન કરવા અને પોલીસ વિભાગને સહકાર આપવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



### સુણદા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માટે પાંચ દિવસીય સૌરાષ્ટ્ર શૈક્ષણિક પ્રવાસનું આયોજન



કપડવંજ | કપડવંજ તાલુકાની શ્રીમતી એચ એમ શાહ હાઈસ્કૂલ, સુણદા દ્વારા તારીખ 3 થી 8 દરમિયાન પાંચ દિવસીય શૈક્ષણિક પ્રવાસનું સુંદર આયોજન કરાયું હતું. આ પ્રવાસમાં વિદ્યાર્થીઓને સમગ્ર સૌરાષ્ટ્રના વિવિધ સ્થળોનું દર્શન કરાવવામાં આવ્યું હતું, જ્યાં તેઓએ માધવપુર બીચના કુદરતી સૌંદર્યનો મનભરીને આનંદ માણ્યો હતો. યાત્રાના અંતિમ ચરણમાં સાળંગપુર દાદાના દર્શન કરી તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફગણ હર્ષોલ્લાસ સાથે પરત ફર્યા હતા.

### મોગરીની આઇ. જે. પટેલ એમ.એડ્.કોર્સની વિદ્યાર્થિની યુનિવર્સિટીમાં પ્રથમ રહી

આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ એમ. એડ્. સેમેસ્ટર-1 ની પરીક્ષામાં આઈ. જે. પટેલ એમ.એડ્.કોર્સ, મોગરીના તાલીમાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. આ પરીક્ષામાં સંસ્થાની તાલીમાર્થી પ્રેયસી હસમુખભાઈ પટેલે સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. યુનિવર્સિટીના ટોપ ટેન (Top 10) માં કોલેજના કુલ 16 તાલીમાર્થીઓએ સ્થાન મેળવી સંસ્થાની શૈક્ષણિક ગુણવત્તા સાબિત કરી છે. આ ઝળહળતી સફળતા બદલ સંસ્થાના મંત્રી કેતનભાઇ પટેલ, ડાયરેક્ટર આર.પી.ભોઈ અને હેડ પ્રોફેસર યજ્ઞેશ પુરોહિત તથા પરિવારે શુભેચ્છાઓ પાઠવી છે.



**જાહેર હરાજી**

આથી રસ ધરાવતા તમામ ઈશમોને જણાવવાનું કે મહુધા તાલુકાના સાસ્તાપુર ગ્રામ પંચાયત હસ્તકના સુકા પડી ગયેલ ઝાડોની કુલ 37 વૃક્ષોની જાહેર હરાજી તા. 12/01/2026ને સોમવારના રોજ બપોરે 02:30 કલાકે સસ્તાપુર ગ્રામ પંચાયત કચેરી ખાતે રાખવામાં આવેલ છે. રસ ધરાવતા ઈસમોએ હરાજીમાં ભાગ લેવા સમયસર સ્થળ પર હાજર રહેવું.

નોંધ : હરાજીમાં ભાગ લેવા રૂા.5000/- ડિપોઝિટ રાખવામાં આવેલ છે. હરાજીની શરતો તથા નિયમો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

લિ., સાસ્તાપુર ગ્રામ પંચાયત

| સરપંચશ્રી | ત.ક.મંત્રીશ્રી |
| --- | --- |
| પટેલ નયનાબેન પ્રકાશભાઈ | મહેન્દ્રસિંહ ઝાલા |

મું.પો.સાસ્તાપુર, તા.મહુધા, જિ.ખેડા

**જાહેર હરાજી**

આથી રસ ધરાવતા તમામ ઈસમોને જણાવવાનું કે મહુધા તાલુકાના કપરૂપુર ગ્રામ પંચાયત હસ્તકના સુકા પડી ગયેલ ઝાડોની કુલ 28 વૃક્ષોની જાહેર હરાજી તા. 12/01/2026ને સોમવારના રોજ સવારે 11:00 કલાકે કપરૂપૂર ગ્રામ પંચાયત કચેરી ખાતે રાખવામાં આવેલ છે. રસ ધરાવતા ઈસમોએ હરાજીમાં ભાગ લેવા સમયસર સ્થળ પર હાજર રહેવું.

નોંધ : હરાજીમાં ભાગ લેવા રૂા.5000/- ડિપોઝિટ રાખવામાં આવેલ છે. હરાજીની શરતો તથા નિયમો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

લિ., કપરૂપુર ગ્રામ પંચાયત

| સરપંચશ્રી | ત.ક.મંત્રીશ્રી |
| --- | --- |
| મેહુલ જયંતીભાઈ સોઢા | મહેન્દ્રસિંહ ઝાલા |

મું.પો.કપરૂપુર, તા.મહુધા, જિ.ખેડા